જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૧૦/૨૦૧૭ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૨૧૪૦/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૩૫ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૧૪૭ લીટર દેશી દારૂ, ૪ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧૨ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૭ કેસ કરી ૫૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૫૭,૦૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧૪૧/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૨૧૪૨/૧૭

**ઈસનપુરઃ** પ્રવિણભાઈ બાબુલાલ શાહ (રહે. ભગીરથ સોસાયટી ચંન્દ્રલોકની બાજુમાં કેડિલા રોડ ઘોડાસર ઈસનપુર) એ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૧૦/૧૭ રાતના ૮/૦૦ થી તા.૨૨/૧૦/૧૭ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાનો દોરો કિમત રૂપિયા ૧૫,૦૦૦/-, સોનાની બંગડી નંગ-૨ કિમત રૂપિયા ૨૫,૦૦૦/-, સોનાની બુટ્ટી ત્રણ જોડી કિમત રૂપિયા ૧૫,૦૦૦/-, ચાંદીના સિક્કા નંગ-૧૬ કિમત રૂપિયા ૫૦૦૦/-, ચાંદીની લગડી કિમત રૂપિયા ૧૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૬૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૩૦,૦૦૦/- મત્તાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.ડી વૈશ્યક ચલાવે છે.

**કારંજઃ** ઇકબાલભાઇ ઇસ્માઇલભાઇ મંસુરી (રહે. બાવા લતીફની ગલી ત્રણ દરવાજા કારંજ) એ કારંજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૧૦/૧૭ સવારના ૧૧/૦૦ થી બપોરના ૩/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૨,૪૨,૭૦૦/- અને રોકડ રૂપિયા ૧૮,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૬૦,૭૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એ.તળપદા ચલાવે છે.

**સરદારનગરઃ** ચંદરભાઇ માણેકલાલ રાધાણી (રહે.આદર્શ બંગ્લોઝ હરી કૃષ્ણા સોસાયટીની બાજુમા સરદારનગર) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૧૦/૧૭ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના મકાનની ગેલેરીના દરવાજા વાટે અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના કિમત રૂપિયા ૧,૫૪,૦૦૦/-, મોબાઈલ ફોન નંગ-૨ કિમત રૂપિયા ૨૦,૦૦૦/-, ઘડીયાળ કિમત રૂપિયા ૨૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૭૬,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જી.પટેલ ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયોઃ-** **સમાચાર યાદી નં.૨૧૪૩/૧૭**

**રામોલઃ** મીનાબહેન વા/ઓ બળદેવભાઇ રત્નોતર) (ઉ.વ.૪૯) (રહે.સાબુની ફેક્ટરી પાસે જનતાનગર રામોલ) તા.૨૨/૧૦/૧૭ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે વસ્ત્રાલ સ્નેહ માંગલ્યના ગેટ આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ મીનાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ મીનાબહેને રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.બી.બાલીયા ચલાવે છે.

**કરંટ લાગતા મૃત્યુઃ** **સમાચાર યાદી નં.૨૧૪૪/૧૭**

**રખીયાલઃ** મહમદ ઇસ્તીયાક જુમનઅલી મન્સુરી (ઉ.વ.૩૮) (રહે. ગરીબ આવાસ યોજના અજીતમીલ રખિયાલ) તા.૨૨/૧૦/૧૭ રાતના ૧/૩૦ વાગ્યાના સુમારે ચાલીમા મસ્જીદમા રીપેરીંગ કામમા મદદ કરવા ગયેલ ત્યારે મસ્જીદમા ઇલેક્ટ્રીક ડ્રીલ મશીનથી કામ ચાલતુ હોય અને ડ્રીલ મશીનનો ખુલ્લો વાયર ભીની જમીન ઉપર પડેલ હોઈ મહમદ ઇસ્તીયાક મન્સુરીને કરંટ લાગતા તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે રખીયાલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મનહરભાઇ કમજીભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૧૪૫/૧૭**

**કૃષ્ણનગરઃ** હેતલબહેન વા/ઓ મહેન્દ્રભાઈ વાઘેલા (ઉ.વ.૨૫) (રહે.વિભાગ- ૯ પાર્શ્વનાથ ટાઉન શિપ નવા નરોડા કૃષ્ણનગર) એ અગમ્ય કારણસર તા.૨૨/૧૦/૧૭ સવારના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતીઆ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.વી.ખરાડી ચલાવે છે.

**રામોલઃ** રાજેશ્વરી વા/ઓ ધરમેન્દ્રભાઈ મુદલીયા (ઉ.વ.૩૮) (રહે. પ્રધાનમંત્રી આવાસ યોજના ન્યુ ગાર્ડન સામે નિરાત ચોકડી વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૨૧/૧૦/૧૭ રાતના ૧૦/૩૦ થી તા.૨૨/૧૦/૧૭ સવાર સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.ચૌધરી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.